॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૦૬ | ગુરૂવાર | તા.: ૧૫.૧૨.૨૦૨૨ | SDP No. : 966 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

સ્વામી વિવેકાનંદ રમતમહોત્સવ - સાબર

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘસાબર રિજીયન સ્વામી વિવેકાનંદ રમતોત્સવ 2022 હેંડો હિંમતનગર સાબર સ્ટેડિયમતા. 25/12/2022 રવિવાર

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ - સાબર રીજીયન દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ રમતોત્સવ ૨૦૨૨ નું આયોજન તારીખ:- ૨૫/૧૨/૨૦૨૨ ને રવિવાર ના રોજ સાબર સ્ટેડિયમ,ભોલેશ્વર, હિંમતનગર ખાતે કરેલ છે તો તમામ દિકરા અને દિકરીઓ વધુમાં વધુ નીચે આપેલ લિંકમાં પોતાનું રજીસ્ટ્રેશન કરો અને આજુબાજના વિસ્તારમાં સનાતની દિકરા અને દિકરીઓને જાણ કરશો.

https://yuvasanghevents.org/sbr-sport

ભાગ લેનાર અને વાલીઓ માટે માર્ગદર્શન અને જરૂરી નિયમો

૧ આ રમતોત્સવ માં ફક્ત સનાતની ભાઈઓ અને બહેનો જ ભાગ લઈ શકશે.(ફેમિલી આઈડી ફરજીયાત છે)

૨ ભાગ લેનાર દિકરા અને દિકરીઓએ ઉંમર (જન્મ તારીખ ધ્યાનમાં લેવી) અને રમતો નીચે મુજબ છે જેમાંથી વધુમાં વધુ ૨ ઈવેન્ટમાં ભાગ લઈ શકશો.

અંડર - ૧૧ (૨૫/૧૨/૨૦૧૧ અથવા તે પછી જન્મેલા હોવા જોઈએ

સ્કેટિંગ - ૧૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૨૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૧૦૦ મીટર (ક્વોડ)
સ્કેટિંગ - ૨૦૦ મીટર (ક્વોડ)
દોડ - ૫૦ મીટરસ્ટેન્ડીંગ બ્રોડ જંપ
કરાટે

અંડર - ૧૪ (૨૫/૧૨/૨૦૦૮ અથવા તે પછી જન્મેલા હોવા જોઈએ

સ્કેટિંગ - ૧૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૨૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૧૦૦ મીટર (ક્વોડ)
સ્કેટિંગ - ૨૦૦ મીટર (ક્વોડ)
દોડ - ૧૦૦ મીટર
દોડ - ૨૦૦ મીટર
લાંબીકુદ
કરાટે
ગોળાફેંક
બેડમિન્ટન - સિંગલ

અંડર - ૧૯ (૨૫/૧૨/૨૦૦૩ અથવા તે પછી જન્મેલા હોવા જોઈએ

સ્કેટિંગ - ૨૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૪૦૦ મીટર (ઈન લાઈન)
સ્કેટિંગ - ૨૦૦ મીટર (ક્વોડ)
સ્કેટિંગ - ૪૦૦ મીટર (ક્વોડ)
દોડ - ૧૦૦ મીટર
દોડ - ૨૦૦ મીટર
દોડ - ૪૦૦ મીટર
લાંબીકુદ
ઉંચીકુદ
કરાટે
ગોળાફેંક
બેડમિન્ટન - સિંગલ

૧૯ વર્ષથી ઉપરના ગ્રુપ (૨૬/૧૨/૨૦૦૩ અથવા તે પહેલા જન્મેલા હોવા જોઈએ

દોડ - ૧૦૦ મીટર
દોડ - ૨૦૦ મીટર
દોડ - ૪૦૦ મીટર
લાંબીકુદ
ગોળાફેંક

૩ ભાગ લેનાર ખેલાડીએ રૂપિયા ૧૦૦ રજીસ્ટ્રેશન ફી પેટે આપવાની રહેશે.

૪ આ રમતોત્સવમાં ખેલાડીએ સ્વ ખર્ચ અને સ્વ જોખમે ભાગ લેવાનો રહેશે.

૫ આ રમતોત્સવમાં અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૯ અને ૧૯ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનો અલગ અલગ વય જૂથમાં ભાગ લઈ શકાશે.

૬ ભાગ લેનાર દિકરા અને દિકરીઓએ જે તે રમતના સાધનો પોતાના લાવવાના રહેશે.(શુઝ,બેડમિન્ટન રેકેટ,કરાટે ડ્રેસ અને કીટ, સ્કેટિંગ શુઝ વગેરે.)

૭ એક વખત રજીસ્ટ્રેશન કર્યા પછી કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં પછી જે ઈવેન્ટમાં રજીસ્ટ્રેશન કર્યું હશે તેમાં જ રમવાનું રહેશે.

૮ આ રમતોત્સવમાં આવનાર વાલીઓએ ભોજન માટે રૂપિયા ૧૦૦ આપવાના રહેશે અને તેઓએ અગાઉથી સાબર રીજીયન કારોબારી ટીમ ને જાણ કરવાની રહેશે.

૯ દરેક ઈવેન્ટ કેટેગરીમાં ઓછામાં ઓછા ૪ ભાગ લેનાર હશે તો જ તે ગ્રૂપને રમાડવામાં આવશે અન્યથા આપને તારીખ ૨૧/૧૨/૨૦૨૨ ના રોજ સાંજ સુધીમાં જાણ કરવામાં આવશે

૧૦ આ રમતોત્સવમાં રસ્સાખેંચનું પણ આયોજન કરેલ છે જેનું રજીસ્ટ્રેશન ત્યાં રૂબરૂ કરવામાં આવશે. (ટીમ સ્થળ પર બનાવવામાં આવશે)

૧૧ આ રમતોત્સવ દરમ્યાન કોઈ પણ ફેરફાર બાબતે સાબર રીજીયન અને સ્પોર્ટ્સ ટીમનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

૧૨ રજીસ્ટ્રેશન લિંક તારીખ:- ૨૦/૧૨/૨૦૨૨ ના સાંજે ૯:૦૦ કલાકે બંધ કરી દેવામાં આવશે ત્યારબાદ ભાગ લઈ શકાશે નહી.

૧૩ રજીસ્ટ્રેશન લિંક બાબતે અને ટેકનીકલ સપોર્ટ માટે ધ્રુવ ચૌહાણ - ૯૪૨૭૦૫૮૨૧૯ નો સંપર્ક કરવો.

૧૪ વિવિધ રમતોના માર્ગદર્શન તથા જરૂરી માહિતી માટે સ્પોર્ટ્સ ટીમનો સંપર્ક કરવો.

કેવિન કાલરીયા - ૯૮૭૯૦૮૩૬૪૩
અલ્પેશ રામાણી - ૯૯૨૫૦૭૭૧૦૦
પ્રશાંત નાકરાણી - ૯૭૨૩૪૩૭૮૯૯
કિરીટભાઈ પોકાર - ૯૪૨૮૦૬૩૯૬૨
રજત માકાણી - ૯૪૨૭૮૫૫૮૧૦

સ્પોર્ટ્સ ટીમ
સાબર રીજીયન

આ વૃક્ષ નીચે ઊભા રહેવું પણ જોખમી છે

વિશ્વભરનાં જંગલોમાં એવી વનસ્પતિઓ છે જે નાનાંમોટાં જીવજંતુઓ કે મચ્છરોનો શિકાર કરે છે, પણ કેટલીક એવી વનસ્પતિઓ પણ છે જેની આસપાસ ઊભા રહેવાથી મનુષ્યને જીવનું જોખમ રહે છે. આ વૃક્ષનું નામ 'મંચિનીલ' (Manchineel) છે. જે ખાસ કરીને ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં જોવા મળે છે. જેની ઊંચાઈ 50 ફૂટ સુધીની છે અને તેની નોંધ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે પણ લીધી છે.

મંચિનીલનું ફળ પણ ખતરનાક હોય છે. તેને ખાધા બાદ થોડી જ વારમાં શરીરમાં મરચાં કરતાં પણ વધુ બળતરા થવા લાગે છે, ગળાના ભાગમાં સોજો ચડી જાય છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે. તેની સમયસર સારવાર ન કરાતાં તે વ્યક્તિનું મોત પણ નિપજે છે. આ વૃક્ષમાંથી જે દૂધિયા રંગનો રસ નીકળે છે તેનાથી શરીરમાં ચકામાં પડી શકે છે અને તેનો રસ આંખમાં ઊડે તો આંખની દૃષ્ટિ પણ જતી રહે છે. નોંધનીય છે કે જો તમે વરસાદમાં આ વૃક્ષ નીચે ઊભા રહો તો તેનાં પાંદડાંમાં રહેલા ઝેરી રસથી તમારા શરીરમાં દર્દનાક ચકામાં પડી શકે છે.

વોટ્સએપમાં મલ્ટિ ટાસ્કિંગ

વોટ્સએપમાં તમે ક્યારેક ને ક્યારેક એવો અનુભવ કર્યો હશે જ્યારે તમે તેના પર વીડિયો કોલમાં કોઈ સાથે વાત કરી રહ્યા હો, બરાબર એ સમયે તમારે મોબાઈલ પર બીજું કંઈ કામ કરવું પણ જરૂરી બને. હવે વોટ્સએપમાં આ પ્રકારનું મલ્ટિ ટાસ્કિંગ શક્ય બનશે. વોટ્સએપમાં વીડિયોની જેમ વીડિયો કોલ માટે પણ પિકચર-ઇન-પિકચર મોડ આવી રહ્યો છે. આ કારણે તમે વીડિયો કોલ પર અન્ય વ્યક્તિ સાથે વાતચીત કરી રહ્યા હો ત્યારે એક વિન્ડોમાં એ વીડિયો કોલ ચાલુ રાખીને મોબાઈલમાં બ્રાઉઝર કે ડ્રાઈવ કે ઈમેઈલ જેવી અન્ય એપ ઓપન કરીને તેમાં બીજું કામ પણ કરી શકશો.

શ્રી નારણભાઈ પૂંજા માનાણી.
ચેમ્પિયન્સ ટ્રોફી.
આવો મારે દેશ.. આવો મારે ગામ.....
શ્રી વિરાણી મોટી પાટીદાર સનાતન સમાજ યુવા મંડળ પાટીદાર નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ તારીખ 15/12/2022 ગુરૂવાર થી શરૂ થઈ રહી છે

દિનેશ ડાયાણી

રદ્દી સે સમૃદ્ધિ

સાબર રીજીયન કા નવતર પ્રયાસ
Home to Home અને
Door to door રદ્દી miSSion

યુવાસંઘ સાબર રીજીયન દ્વારા કેન્દ્રીય યુવાસંઘના વાઈબ્રન્ટ IPP એવા ડો.વસંત ધોળુ, રીજીયન ચેરમેન દિલીપ ધોળુ અને સેન્ટ્રલ સેક્રેટરી નિલેશ સુરાણી તેમજ રીજીયન IPC મીનેશ વાડિયા અને તલોદ વિભાગીય ચેરમેન વિશાલ લીંબાણી અને ટીમ સાબર દ્વારા સાબર રીજીયનમાં Home to Home અને Door to door રદ્દી miSSion આરંભી રદ્દી અને અન્ય ભંગાર શ્રીસમાજને અર્પણ કરવા માટેની નવતર યોજના અમલમાં મુકેલ છે.

જેની શરૂઆત તલોદ વિભાગથી કરેલ છે. તેના સંદર્ભમાં આજે ગણેશપુરા, ધનપુરા, છત્રિસા, ઋષાત કંપા, મોતેસરી કંપા ખાતે યુવા મંડળ અને વડીલો સાથે ડો.વસંત ધોળુ અને નિલેશ સુરાણી એ આગોતરી સંપર્ક યાત્રા કરેલ.

તા. 16 થી આ વિભાગના દરેક કંપા અને શહેરમાં પ્રત્યેક ઘરે ઘરે નક્કી કરેલ એજન્સી પોતાના વાહન દ્વારા પોતાના માણસો સાથે જશે.

- આપણે ફક્ત બેસ્ટ મેનેજમેન્ટ કરવાનું છે. જ્યાં દરેક યુવા મંડળથી બે યુવાઓ અને એક વડીલ ફક્ત તોલમાપ પર નજર રાખશે અને 13 થી વધુ પ્રકારના વેસ્ટની આપેલ ફોર્મેટમાં મહિલા શક્તિના નામે નોંધ કરશે.
- દરેક ચૂલા દીઠ આ નોંધ થયા પછી બીજા ફોર્મેટમાં આખા ગામ કે સોસાયટી કે વોર્ડ ના વેસ્ટ ના કુલ વજનની નોંધ કરી સામે દર્શાવેલ ભાવ મુજબ ટોટલ કરી ત્યાં એજન્સીના મિત્રની અને જવાબદાર યુવાનની સહી કરી તુરંત સેન્ટર પોઇન્ટ પર વોટ્સ એપ કરશે..
- એક કોપી ગામમાં રાખશે અને બીજી કોપી સેન્ટર પોઇન્ટ પર મોકલી આપશે...
- જ્યાં એજન્સી દરરોજ સાંજે આપેલ કોપી મુજબ ફાયનાન્સ ટીમ પાસે પેમેન્ટ જમાં કરાવી દેશે..
- ફાયનાન્સ ટીમ તેને બેંકમાં શ્રીસમાજે આપેલ Ac માં જમાં કરાવશે
- ત્રણેય તબક્કાના ગામથી મળેલ સહયોગની ટોટલ રાશી અને આખા રીજીયન કે ઝોન દ્વારા મોકલેલ કુલ સહયોગની નોંધ લઈ દરેક ગામને પ્રોત્સાહન માટેનો કેન્દ્રીય સમાજે આપેલ પત્ર પાઠવીને આભાર સાથે નિમંત્રણ પત્રિકા આપશે.
- હાલમાં શ્રીસમાજનો આગોતરા આમંત્રણનો પત્ર પ્રત્યેક પરિવારને આપવામાં આવી રહ્યો છે.

સૌને વિનમ્ર અપીલ..

સૌ સાથે મળીને.. સંવાદ કરીએ અને બેસ્ટ કોમ્યુનકેશન પછી આ પ્રોજેક્ટને નવી ઊંચાઈએ લઈ જઈ ગૌરવશાળી સમાજના અદના નાગરિક હોવાની ફરજ નિભાવીએ...

ઉપરોક્ત બાબતની તા. 20 ડિસેમ્બરના નાસિક ખાતે આયોજન સમિતિની મિટિંગમાં ચર્ચા કરી દક્ષિણ ગુજરાત અને અન્ય સ્થળોએ થયેલ સફળ કામગીરીની સમીક્ષા કરી આગળ વધવાનું શ્રી સમાજ અને યુવાસંઘ દ્વારા નક્કી કરેલ છે.

રદ્દી થી સમૃદ્ધિ અંતર્ગત - ભુજ નું કર્તવ્ય

શ્રી અ.ભા.ક.ક.પા.
સમાજ,
ભુજ ઝોન અને

શ્રી ભુજ કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મા રદ્દી થી સમૃદ્ધિ મા પસ્તી તેમજ ભંગાર જેનું કોઈ મૂલ્ય ન હતુ પણ હવે થી અનમોલ થવા જઈ રહ્યુ છે. જેનો ખુબ સારો પ્રતિસાદ બદલ ભુજ લક્ષ્મી નારાયણ સમાજ અને ભુજ લક્ષ્મીનારાયણ યુવા મંડળ ની મહેનત માટે ધન્યવાદ.... ભુજ ઝોનના ભુજ લક્ષ્મી નારાયણ સમાજ અને ભુજનું યુવા મંડળ રદ્દી થી સમૃદ્ધી પસ્તીથી પૈસો પ્રથમ તબક્કાની માતબર રકમ રૂ. 72,300 અંકે રૂ. બૌતેર હજાર ત્રણસો પુરા શ્રી સમાજ ને અર્પણ કરવા માટે ધન્યવાદ

પસ્તી તેમજ ભંગાર જેવી વસ્તુ નો આપણાં માટે કોઈ કિંમત ન હતી પણ જેમ કહેવાય છે ને હિરો જ્યા સુધી પથ્થર ના સ્વરુપ મા હોય ત્યા સુધી એની કોઈ કિંમત નથી પણ જ્યારે જૌહરી ના હાથથી ઘડાઈ આકાર પામે પછી તે અનમોલ થઈ જાય છે... એવીજ રીતે આપણા ઘરમા પડી રહેલ પસ્તી કે ભંગાર જ્યારે સમાજ ના સનાતની શતાબ્દી મહોત્સવ માં ઉપયોગી થશે એટલે એ અનમોલ થઈ જશે...

રદ્દી એકત્રિત કરી ને રદ્દી થી સમૃદ્ધિ ના પ્રોજેકટ ને સફળ બનાવવા માટે ભુજ યુવા મંડળ ને અભિનંદન..

રદ્દી થી સમૃદ્ધિ દ્વારા સનાતની શતાબ્દી મહોત્સવ ની ઉજવણી કરી ને સમાજનું અનેરું ગૌરવ બનીએ

ધનપુરા કંપા,ગણેશપુરા અને ગોરાટીંબા

મોતેસરી કંપા

રૂષાત કંપા

ભારતની મહાન પરંપરા વેદથી વિવેકાનંદ સુધી પ્રમુખસ્વામી જેવા સંતોએ આગળ વધારી છે: વડાપ્રધાન મોદી

પ્રમુખસ્વામી શતાબ્દી માહોત્સવ, મોદીએ ભાવનાત્મક પ્રારંભ કરાવ્યો

પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ: 15 જાન્યુઆરી સુધી ચાલનારા મહોત્સવમાં દરરોજ બે લાખથી વધુ ભક્તો મુલાકાત લેશે

શતાબ્દી મહોત્સવનો પ્રારંભ

સંત પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીનો શતાબ્દી મહોત્સવનો 14 ડિસેમ્બરથી અમદાવાદના ઓગણજ ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. આ મહોત્સવ માટે સાયન્સસિટી-ઓગણજ વચ્ચે SP રિંગ રોડના કિનારે 600 એકર જમીન પર સ્વામિનારાયણનગર ઊભું કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના હસ્તે શાસ્ત્રોક્તવિધિથી પ્રમુખસ્વામી મહારાજ જન્મશતાબ્દી મહોત્સવનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ દેવવ્રત આચાર્ય પણ ઉપસ્થિત છે. પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં પી.એમ. મોદીની સભામાં એક લાખથી વધુ લોકોનું આગમન થઇ ગયું હતું. અમદાવાદ સહિત અન્ય શહેરમાંથી હરિભક્તોનું ઘોડાપુર ઊમટી પડ્યું હતું. શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યા બાદ મહંતસ્વામી, નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ દેવવ્રત આચાર્યએ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ તરફ પ્રયાણ કર્યું હતું.



દુ:ખદ સમાચાર - પુષ્પાંજલિ

સ્વ.શ્રી ડાયાલાલભાઈ ધનજીભાઈ હળપાણી
ઉંમર ૬૦ વર્ષ,
સ્વ. તારીખ ૧૪/૧૨/૨૦૨૨
ઘટપ્રભા - કર્ણાટક

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ઘટપ્રભા ના સદસ્યશ્રીસ્વ.શ્રી ડાયાલાલભાઈ ધનજીભાઈ હળપાણી હાલે : ઘટપ્રભા, તા.ગોકાક, જી. બેલગામ (કર્ણાટક) નિવાસી, કચ્છ માં ગામ વિગોડી, ઉંમર ૬૦ વર્ષ, તારીખ ૧૪/૧૨/૨૦૨૨ ને બુધવારે બપોરે ૩.૧૫ કલાકે ટુંકી માંદગી બાદ અત્યંત દુઃખદ નિધન થયેલ છે.

તેવોશ્રી સ્વ.મનજીભાઈ અને બાબુભાઈ ના નાનાભાઈ તથા ધનશ્યામભાઈ ના પિતાશ્રી હતા.

તેમની અંતિમયાત્રા આજ રોજ તા. ૧૫/૧૨/૨૦૨૨ ને ગુરુવાર ના સવારે ૯.૦૦ કલાકે રાખવા માં આવેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે
એવી પ્રભુ પરમેશ્વર પાસે પ્રાર્થના
ૐ શાંતિ શાંતિ શાંતિ

ધનજીભાઈ વાલજીભાઈ હળપાણી પરીવાર ઘટપ્રભા (કર્ણાટક) તીરપુર (તમિલનાડુ)કાલીદાસભાઈ વાલજીભાઈ હળપાણી પરીવાર ઘટપ્રભા,
ફર્મ : શ્રી આધ્યશક્તિ ટેડર્સ, ઘટપ્રભા

સંપર્ક :
બાબુભાઈ ધનજીભાઈ હળપાણી - 94433 70069
કાંતિભાઈ કાલિદાસભાઈ હળપાણી - 94482 12471
ધનશ્યામ ડાયાલાલભાઈ હળપાણી - 76196 28242
તેમજ સમસ્ત હળપાણી પરીવાર વિગોડી (કચ્છ)

અવસાન નોધ

કચ્છ ન્યૂઝ

સ્વ. ધનજીભાઈ પુંજાલાલ લીંબાણી	સ્વ. ચંચલબેન રતનશી માકાણી	સ્વ. શંકરભાઈ અબજી સુરાણી (રામાણી)	સ્વ.શ્રી ડાયાલાલભાઈ ધનજીભાઈ હળપાણી,	સ્વ: મગનભાઈ કાનજીભાઈ સાંખલા
ઉમર : 93 વર્ષ	ઉમર : 85 વર્ષ	ઉમર : 70 વર્ષ	ઉમર : 60 વર્ષ	ઉમર : 85 વર્ષ
તા. 14-12-2022	તા. 13-12-2022	તા. 14-12-2022	તા. 14-12-2022	તા. 14-12-2022
કચ્છમાં : દરશડી	કચ્છમાં : તલવાણા	કચ્છમાં : નખત્રાણા,	કચ્છ માં ગામ : વિગોડી તા.નખત્રાણા	કચ્છ માં ગામ નખત્રાણા, જુનાવાસ
હાલે : ઘાટકોપર મુંબઈ	હાલે : બદલાપુર	નવાવાસ (સ્થાનિક)	હાલે : ઘટપ્રભા, તા.ગોકાક, જી.બેલગામ (કર્ણાટક)	હાલે જલાલપોર, નવસારી

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ